# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-06-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## એર ઇન્ડિયા વિમાન દુર્ઘટના

**અમદાવાદમાં થયેલા વિનાશક એર ઇન્ડિયા વિમાન દુર્ઘટનામાં મૃત્યુઆંક 254 પર પહોંચી ગયો છે. વિમાનમાં કુલ 242 લોકો સવાર હતા, જેમાં 169 ભારતીય, 53 બ્રિટિશ, સાત પોર્ટુગીઝ અને એક કેનેડિયન નાગરિક સહિત 12 ક્રૂ સભ્યો હતા. માત્ર એક વ્યક્તિનો બચાવ થયો હતો જે ભારતીય મૂળનો બ્રિટિશ નાગરિક છે.**

**મૃતકોના મૃતદેહોની ઓળખ માટે આજથી DNA સેમ્પલ મેચ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જે મૃતકોના DNA મેચ થયા છે તેમના પરિવારજનોને મૃતદેહ આપવાની પ્રક્રિયા શરુ કરાઈ છે. રાજ્યના વિવિધ શહેરોમાં પોલીસ બંદોબસ્ત સાથે મૃતદેહ રવાના કરવામાં આવી રહ્યા છે.**

---

## એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન ટીમ

**વિમાન દુર્ઘટનાનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ ચાલી રહી છે. એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરોની એક ટીમે ઘટના સ્થળ પરથી વિમાનનું બ્લેક બોક્સ - જે ઔપચારિક રીતે ફ્લાઇટ ડેટા રેકોર્ડર તરીકે ઓળખાય છે - શોધી કાઢ્યું છે. ફોરેન્સિક નિષ્ણાતોએ પણ વિગતવાર તપાસ શરૂ કરી છે.**

**નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામ મોહન નાયડુએ આજે નવી દિલ્હીમાં પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે આ ઘટનાની તપાસ માટે વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતોની એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી રહી છે.**

દરમ્યાન, કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ આજે અમદાવાદ પહોંચી વિમાન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી.

---

## વિશ્વ રક્તદાતા દિવસ

આજે વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે જીલ્લામાં રક્તદાન શિબિરો સહીત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભુજમાં અદાણી સંચાલિત જનરલ હોસ્પિટલ ના બ્લડ બેંક વિભાગે કચ્છના રકતદાતાઓને બિરદાવ્યા હતા અને રક્તદાન માટે આવેલી જાગૃતિમાં સામાજિક અને વ્યવસાયિક સંસ્થાઓ નો મોટો ફાળો હોવાનું જણાવ્યું હતું.

બ્લડબેન્કના હેડ ડો. જિજ્ઞાબેન ઉપાધ્યાયે જણાવ્યું કે, રક્તદાન કરવાની સાથે કોઇની મહામૂલી જિંદગી તો બચી જ શકે છે સાથે વ્યક્તિ પોતાના સ્વાસ્થ્યની સાચી જાણકારી પ્રાપ્ત કરવા ઉપરાંત રક્તદાનથી ભાવનાત્મક આરોગ્યમાં સુધારો જોવા મળે છે. આજે પણ ટેક્નોલોજીના યુગમાં લાંબા સમય સુધી રક્તનો સંગ્રહ કરી શકાતો નથી એટલે જ તેની અછત સતત જોવા મળે છે. ત્યારે સમયાંતરે રક્તદાન કરવા રક્તદાતાઓને અનુરોધ કરવામાં આવ્યો હતો.

---

## NEET પરીક્ષાનું પરિણામ

નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા આજે મેડિકલ પેરા મેડિકલમાં પ્રવેશ માટેની UG NEETની પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. જેમાં ગુજરાતના બે વિદ્યાર્થીએ ટોપ 10માં સ્થાન મેળવ્યું છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ જણાવ્યું હતું કે, આ વર્ષે 12લાખ 36 હજાર ઉમેદવારો ક્વોલિફાય થયા છે.

---

## કચ્છમાં કોરોના

કચ્છમાં કોરોના સંક્રમણનો પ્રભાવ યથાવત્ રહ્યો છે. આરોગ્ય વિભાગમાંથી મળેલી સત્તાવાર વિગત અનુસાર ભુજ શહેરમાં ત્રણ અને મુંદરામાં એક વ્યક્તિ સંક્રમિત થતાં કચ્છમાં કુલ નોંધાયેલા પોઝિટિવ કેસનો આંક 56 પર પહોંચ્યો છે. આ પૈકી અત્યાર સુધી હાલ 22 લોકો સ્વસ્થ થતાં સક્રિય કેસનો આંક 34 પર પહોંચ્યો છે.

---------------------------------------------------------------------------------------------------

## કલા વારસો ભૂષણ એવોર્ડ

કચ્છના લોકવાદ્ય તથા લોકકલાકારોના જતન તથા સંવર્ધન માટે કાર્ય કરતી કલા વારસો ટ્રસ્ટ સંસ્થા દ્વારા પ્રતિવર્ષ કચ્છના કલાકારોને અપાતો `કલા વારસો ભૂષણ' એવોર્ડ વર્ષ-2025 માટે જાહેર કરાયા છે. ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી ભારમલ સંજોટે આજે જાહેર કરેલા આ એવોર્ડમાં પ્રખ્યાત નોબત-શરણાઇ, પરંપરાગત લગ્નગીતો, સંતારવાદન-આરાધીવાણી, રામ સાગર વાદન,લોકગીત-ગરબા, સૂફી-કાફી, સંતારવાદન- ઉપદેશ વાણી, કાની-જોડિયા પાવા વાદક તથા રાસુડા ગાયકને આ એવોર્ડ જાહેર કરાયા છે. આ એવોર્ડ વિજેતાઓને સન્માનવાનો કાર્યક્રમ આગામી તા. 28 જુન ના ભુજ ખાતે યોજાશે, જેમાં રોકડ પુરસ્કાર તથા પ્રમાણપત્ર સ્મૃતિચિહ્ન એનાયત કરાશે.

---------------------------------------------------------------------------------------------------

## વીજતંત્ર દ્વારા સમારકામ

કચ્છ જિલ્લામાં ચોમાસાની પૂર્વ તૈયારીના ભાગરૂપે વિજ તંત્ર દ્વારા આજે વ્યાપક સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું. ગેટકો અને પીજીવીસીએલ વિભાગ દ્વારા હાઇવે સિવાયના રહેણાંક વિસ્તારોમાં સવારે 7થી બપોરે 2 વાગ્યા સુધી વિજ પુરવઠો બંધ રાખવામાં આવ્યો હતો. તો જીલ્લા મથક ભુજ માં ગેટકો દ્વારા શહેરના વિભાગ-1માં 4થી 5 ટીમો દ્વારા સમારકામની કામગીરી કરવામાં આવી હતી . સમારકામ પૂર્ણ થયે વીજ પુરવઠો પુનઃ શરુ કરવા માં આવ્યો હતો.

---

## હવામાન

હવામાન વિભાગે રાજ્યભરમાં આજથી આખું અઠવાડિયું છૂટોછવાયો વરસાદ વરસવાની આગાહી કરી છે. પવનની ગતિ વધતાં મહત્તમ પારો નીચે ઊતર્યો હોવા છતાં ભેજયુક્ત બફારામાંથી લોકોને મુક્તિ મળી નહોતી. આકાશમાં વાદળોની આવનજાવન પણ જોવા મળી હતી.  તો આજે અંજાર - ગાંધીધામમાં 38.3, ભુજમાં 37.6 ડિગ્રી મહત્તમ તાપમાને તાપમાં રાહત મળી હતી.

---